# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

કેવાં.. રાતાં ચટાક ફૂલો છે !
સાવ ! ભોળાભટાક ફૂલો છે !

ગાય છે ગુન ગુન ભમરો શું ?
શું મિલનમાં અવાક ફૂલો છે ?

કોણ આ શૈર , બાગમાં કરતું ?
થાય ઈર્ષાથી ખાક ફૂલો છે !

કંટકોમાં ફસે ન પાલવ ક્યાંક..
જોજે.. કરતાં મઝાક ફૂલો છે !

- સિકંદર મુલતાની

## પાથેય

- રમેશ ઠક્કર

# કાશનાં ફુલો...

**વનરાજીનું વૈવિધ્ય પણ ગજબ હોય છે...મહીસાગરમાં આજકાલ ખેતરોના શેઢે સરસ મજાનાં સફેદ પીંછાં લ્હેરાતાં હોય એવું લીલુંછમ ઘાસ લ્હેરાઇ રહયું છે..ફરફર પવનમાં જાણે દાદાજીના રૂપેરી વાળ લ્હેરાતા હોય એવું દ્રશ્ય રચાય છે..કયાંક એકલદોકલ તો કયાંક જથ્થાબંધ એ નયનરમ્ય નજાકત ઉભી કરે છે..એની એક ખાસિયત જોવા મળી..એકાકી માણસની જેમ એકલખૂણે જ એની હયાતી હોય છે..**

**મહીસાગર અને પાનમ નદીઓની વચ્ચે ઉભી પટ્ટીનો રળિયામણો પ્રદેશ આજકાલ પૂરબહારમાં ખીલ્યો છે..આજે તો એ લ્હેરાતાં પુષ્પોની ઓળખ કરી જ લીધી..એ એક ઘાસ છે..જેનું નામ અહીની લોકબોલીમાં કાહ છે..શુધ્ધ ઉચ્ચારણ કરીએ તો એને કાશનાં ફૂલો કહેવાય....કોઇ વૃધ્ધના ધવલ કેશ જેવી એની મુલાયમ સફેદ લ્હેરખીઓ આકર્ષક વાતાવરણ ઉભું કરે છે..લોકો કહે છે સીતા માતા ધરતીમાં સમાઇ ગયાં ત્યારે એમના કેશ બહાર રહી ગયા હતા એ આ કાહનાં પુષ્પો ! કુદરતમાં પણ કેવી કેવી અજાયબીઓ છુપાયેલી હોય છે !**

**ખેતરના વૈભવમાં પાક,ઘાસ અને નીંદામણ મુખ્ય હોય છે..નીંદામણના છોડ તો પરોપજીવી જેવા હોય છે..એની સોબતમાં પાક બગડી ના જાય એટલે એને તો દૂર જ કરી દેવાય. પણ ઘાસનું એવું નથી..કેટલાંક ઘાસ ઉપયોગી હોય છે..ડાભ એટલેકે દર્ભ જેને વઢિયારમાં ડાભડો કહે છે એ તો પવિત્ર ગણાય છે..પૂજાવિધિમાં એની હાજરી અનિવાર્ય છે..આ કાહ જે દેખાવે રૂપાળું છે એની સળીઓમાંથી સાવરણા ,ઇંઢોણી ,વગેરે બને છે..ખેતરને એ વરસાદી પાણીના પ્રવાહ કે ખારાશથી બચાવે પણ છે..એ માત્ર કામણગારૂં જ નથી કામગરૂં પણ છે.**


**ખેતરનો ગરાસ તો એનો મોલ હોય છે..ઘાસ એના માટે કોઇ ખાસ નથી હોતું..પણ ઘાસ એ વગડાનો શ્વાસ હોય છે...! ઘાસ એ ભૂખ્યાં ઢોર માટે ઘાસચારો બની જાય છે..યાયાવર પંખીઓ માટે હૂંફાળો મુકામ બની જાય છે..એ વગડાઉ વૈભવ છે...પ્રહલાદ પારેખનું એક કાવ્ય ભણવામાં આવતું "ઘાસ અને હું.." કાહને શેઢા ઉપર મલકાતું જોયા પછી આજે મારી મનઃસ્થિતિ પણ એવી જ હતી..સીમ જાણે કહી રહી હતી કાશ અને અમે બધાં !**

# 'ખામ' થિયરીથી કોંગ્રેસને નુકશાન

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતની ચૂંટણી દરેક રાજકીય પક્ષ માટે હવે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહી છે. પંજાબ સર કર્યા પછી આમ આદમી પાર્ટીને ગુજરાત પર ઝાડુ ફેરવવાના હેવા ઊપડ્યા છે. છાશવારે કેજરીવાલ કયાંક ને કયાંક શિકારી ગરુડની જેમ ખાબકે છે, ફાઈવ સ્ટાર હોટલમાં રોકાય છે અને પછી રિક્ષાવાળાના ઘરે જમવા પહોંચી જાય છે. એમનાં હવાઈ વચનોનું અનુકરણ કરવા અહીં વર્ચસ્વ ધરાવતા રાજકીય પક્ષોએ પણ કંઈ ને કંઈ 'જુગાડ' કરવો પડે છે. આખો માહોલ સમજણ ધરાવતા મતદાર માટે મનોરંજક બની રહ્યો છે. અદાલતોએ વડાપ્રધાનના રેવડી વહેંચવાના મુદ્દે ઠલવાયેલ આક્રોશને સમર્થન આપ્યું હોવા છતાં એવા ઉદાત વચનો આપતા રાજકીય પક્ષો કે આગેવાનોને અટકાવી કે રોકી શકાતા નથી. ખુદ શાસક પક્ષે ભૂતકાળમાં કાળાં નાણાં પરત લાવીને દેશની પ્રજાને માલામાલ કરી દેવાની ગુલબાંગો પોકારી હતી. દરેક મતદાતાના ખાતામાં ઓછામાં ઓછા પંદર લાખ રૂપિયા બારોબાર જમા થઈ જવાના હતા. લોકો વખત પૂરતા ભરમાઈ ગયા અને હવે નેતાઓ એ મુદ્દે શરમાઈ રહ્યા છે. વચનો ફક્ત 'આપવા' માટે જ હોય છે. પાળવા માટેનો પુરુષાર્થ કેજરીવાલ અને સિસોદિયાને મોંઘો પડ્યો છે. ઈડીએ દારૂનું કૌભાંડ પકડ્યું છે. હજી ઈડી અને ઈન્કમટેક્ષ ઘણું બધું અવનવું શોધી કાઢશે. જો કે મેઘાલયના રાજયપાલ કહે છે તેમ ભ્રષ્ટાચારની આવી તપાસ ભાજપના નેતાઓ સામે પણ થવી જોઈએ. બોલકા માણસોનાં મોઢાં બંધ કરવા માટે સરકાર ડાઘિયા છૂટા મૂકી દે છે. વિપક્ષના તમામ આગેવાનો અદ્ધર જીવે જીવી રહ્યા છે. રાહુલ ગાંધીની ભારતજોડો યાત્રા પણ હવે આવા ત્રાસથી દૂર ભાગવાની પલાયનવૃત્તિનો જ પરિપાક લાગે. યાત્રા ચાલુ હોય ને ઈડીનું સમન્સ આવે તો પ્રજાની સહાનૂભૂતિ મળી જાય. સરકાર પણ એવું જોખમ ખેડવાનું પસંદ નહીં કરે. ચૂંટણી જીતવી એ જ એક માત્ર લક્ષ્ય અને સત્તા ટકાવવી એ જ પરમ પુરુષાર્થ - એવી રાજનીતિમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પણ સહમત ન જ હોય. ગડકરીએ થોડા વખત અગાઉ વ્યક્ત કરેલ આક્રોશ એની જ પરિચાયક પ્રસ્તુતિ લાગે. કેજરીવાલને કોંગ્રેસ હવે ઉઘાડેછોગ ભાજપની બી-ટીમ તરીકે ઓળખાવવા લાગી છે. કેજરીવાલ કોંગ્રેસને તથાકથિત વોટબેંક પર જ વિશેષ ધ્યાન આપતા હોય એવું લાગે પણ છે. પાટીદારોનું રાજકારણ હજી દિશાવિહીન જ રહ્યું છે. કોંગ્રેસે પાટીદારો તરફથી રખાયેલી આશા ઠગારી નીવડી છે. હાર્દિક પટેલે ભાજપને ખેસ ધારણ કરી લીધો છે અને નરેશ પટેલ લોલકની જેમ દરેક પાર્ટીના આગેવાનો સાથે હાજરી પુરાવતા રહે છે. હવે નરેશ પટેલનું વજૂદ પણ સમાપ્ત થઈ ગયું હોય એમ એમની ઝાઝી નોંધ લેવાતી નથી કે નથી કોઈ એમને મુખ્યમંત્રીના ચહેરા તરીકે રજૂ કરવાનું. નરેન્દ્ર-ભૂપેન્દ્રની ડબલ એન્જિનની ચર્ચા પણ મનોરંજન પૂરું પાડે છે. રાજય સરકારનું પણ કોઈ વજૂદ હોવું જોઈએ. એ ફક્ત કેન્દ્રની કઠપૂતળી થઈ જાય તો ફેડરલ પદ્ધતિની બંધારણીય વ્યવસ્થા ખોરવાઈ જાય એમાં બે મત નથી. કોંગ્રેસના પરિવારવાદે એને નષ્ટભ્રષ્ટ કરી દીધી છે જેના છાંટા રાજય એકમો પર ઊડ્યા છે. હવે 'ખામ' થિયરી જેવી જ, નવી 'બદમ' **'BADM'** બક્ષી, આદિવાસી, દલિત, મુસ્લિમ થિયરી પર કોંગ્રેસ ગુજરાતની ચૂંટણી લડવા તૈયાર થઈ છે. દલિત, ઓબીસી, (બક્ષીપંચ જાતિઓ), આદિવાસી, અને માઈનોરિટીની વોટબેંક પર આધાર રાખવાની એને કેટલો પ્રતિસાદ સાંપડશે તે પ્રશ્ન તો છે જ; પરંતુ સાથે જ એમાંથી સવર્ણ સમુદાયની સંપૂર્ણ બાદબાકી થઈ જાય છે. જે આપોઆપ ભાજપના પલ્લામાં ઢળશે અને ભળશે એમાં શંકાને સ્થાન નથી. ગુજરાત કોંગ્રેસને 'ખામ' થિયરીથી કેટલું નુકશાન થયું એનો સોશિયોલોજિકલ અને સાઈકોલોજિકલ દષ્ટિકોણથી અભ્યાસ થવો ઘટે. પાટીદાર સહિત સવર્ણ સમાજ બલકે 'ઓબીસી'માં સમાવિષ્ટ - કુંભાર - સુથાર - લુહાર સહિતનો કારીગર વર્ગ પણ કોંગ્રેસની વિરુદ્ધ ભાજપનું સમર્થન કરતો થઈ ગયો. કારડિયા, કાઠી, ચૌધરી વગેરે સમુદાયો તથા બક્ષીપંચમાં પાછળથી સમાવિષ્ઠ થયેલી ઘણી જ્ઞાતિઓ ધરાર ભાજપને સમર્થન આપતા રહ્યા છે.

# દિલ્હી ક્રાઈમ- : ભારતની રાજધાનીનું પ્રતિબિંબ







નેટ ફ્લિક્સ પર રજૂ થતી વેબ સિરિઝમાંથી કેટલીક ખરેખર જોવાલાયક હોય છે. આ કોલમમાં અગાઉ 'શી' વેબ સિરીઝની ચર્ચા કરી હતી. આજે દિલ્હી ક્રાઈમ-૨ની ચર્ચા કરવી છે. દિલ્હી ક્રાઈમ-૧ અત્યંત શરમજનક ઘટનાના નિર્ભયા કેસ પર આધારિત વેબસિરીઝ હતી. જયારે ભાગ-૨ સત્ય ઘટના પર જ આધારિત છે. ભાગ-૧ને ઉત્તમ વેબ સિરિઝનો અને સિરીઝની મુખ્ય અભિનેત્રી શેફાલી શાહને ઉત્તમ અભિનેત્રીનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. ભાગ-૨માં પણ શેફાલી શાહનો અભિનય એટલો જ દમદાર છે અને સાથે દિગ્દર્શન પણ એટલું જ ઉત્તમ છે. સંયુક્તા ચાવલા શેખ અને વિરાટ બસોયાના સંવાદો અને મયંક તિવારી થતા શુભ્રા સ્વરુપનું લેખન જડબેસલાક છે. સંવાદો આરપાર વીંધી નાખે એવા છે. તનુજ ચોપડાનું દિગ્દર્શન આખી વેબ સિરીઝમાં તમને બરાબર જકડી રાખે છે. પાંચ એપિસોડની આ વેબસિરીઝ દિલ્હીમાં બનતી એક પછી એક વૃદ્ધોની હત્યાને કેન્દ્રમાં રાખે છે.

જેને આપણે ચડ્ડી - બનિયારધારી તરીકે ઓળખીએ છીએ એને સિરીઝમાં કચ્છા-બનિયારધારી તરીકે ઓળખે છે. પહેલા તો શંકા ડીએનટી (ડી નોટિફાઈટ ટ્રાયબ) જૂથ પર જાય છે અને એક પછી રહસ્ય વધારે ઘેરું બનતું જાય છે અને એક પછી એક વૃદ્ધની રૂપિયા માટે હત્યા કરવા પાછળ એક અત્યંત મહત્ત્વાકાંક્ષી યુવતીનો હાથ હોય છે જે રૂપિયા પાછળ પોતાના બે સાગરિકોની હત્યા કરતા પણ અચકાતી નથી. અંતિમ એપિસોડમાં એ યુવતી - કરિશ્માનો એક સંવાદ આવે છે. 'જિન લોગોને મેરે સપનોં કો ખતમ કર દિયા, મૈંને ઉન્હી લોંગો કો ખતમ કર દિયા' આજના યુવાનોની મહત્ત્વાકાંક્ષા અહીં પ્રતિબિંબિત થાય છે. મોજશોખની લાઈફ, એશોઆરામ જોઈએ છે, પણ એ માટેના સંઘર્ષ માટેની તૈયારી નથી. શોર્ટકટથી જે મળે એ મેળવી લેવું છે અને ને માટે કોઈની હત્યા કરવા સુધી જવું પડે તો પણ અચકાતી નથી આ પેઢી. હત્યા જે ક્રૂર રીતે કરવામાં આવે છે એમાં એ યુવતીની ક્રૂર માનસિકતા પણ છતી થાય છે.

'દિલ્હી ક્રાઈમ' વેબસિરીઝના બંને ભાગો સત્ય ઘટના પર આધારિત છે. છતાં લેખન અને દિગ્દર્શનની સૂઝ આવા થ્રીલ વિષયને પણ સંવેદનશીલ રીતે રજૂ કરે છે. તપ્પા સાથે જોડાયેલા અભિનેતાઓ આ વેબસિરીઝ સાથે સંકળાયેલા હોવાને કારણે તમામ કલાકારોનો અભિનય દાદ માગી લે એવો છે. એમાં પણ શેફાલી શાહ આઁખો અને પોતાના મૌન દ્વારા જે વ્યક્ત કરે છે એ આરપાર નીકળી જાય છે. ક્રાઈમ થ્રીલર હોય એટલે એમાં ગાળાગાળી હોય, સેક્સ હોય એ બધું હવે વેબસિરીઝ માટે નવું નથી. અહીં ગાળાગાળી નથી એવું નથી પણ બિનજરૂરી નથી. થ્રીલર રહસ્યમય સિરીઝ જોવામાં જેને રસ પડતો હોય એને માટે 'દિલ્હી ક્રાઈમ-૨' જોવા જેવી સિરીઝ છે. ભારતની રાજધાની દિલ્હીનું પ્રતિબિંબ પણ આ વેબસિરીઝમાં પડે છે.

## જરાક થંભી જાવ ને બુઢાપો આવે એમ પણ બને,
## આપ્યો જાકારો તમે જ ઘરનાં વડીલને, શીખે તમારાં જ સંતાનો એમ પણ બને.
## ખળભળી ઊઠે ત્યારે કદાચ હદય તમારું ,
## હાથ પકડે નહીં ને આંગળી ઘરડા ઘર તરફ બતાવે એમ પણ બને"....




દ્વાર અંતરથી સજ્જડ બંધ હતા. કરતા નહી દેખરેખ એવા સંબંધ હતાસાચવી શક્યા નહીં પુત્ર ,પુત્ર વધુ અંધ હતા. આજે રસ્તામાં આચનક ગાડી બંધ પડી. હું અને મારા બાળકો નીચે ઉતાર્યા. ગાડી એ સાથ ના આપ્યો એટલે અમે નજીકમાં એક ઝાડ પાસે જઈને બેઠાં.

ઝાડ પાસે એક ગેટ હતો. એના પર એક બોર્ડ માર્યુ હતું જેના પર એક વાક્ય લખ્યું હતું એ વાંચીને મારા છ વર્ષના માંડ ગુજરાતી શીખેલા દીકરાએ પૂછ્યું,"મોમ......ઘરડા ઘર... એટલે શું?

એની સામે નજર મેળવ્યા વગર એ બોર્ડ સામે જોઇ મારાથી બોલાઈ જવાયુ...અપમાન , તિરસ્કાર અને ત્યાગ કરીને તરછોડાયેલ એવી કરચલીઓ.... જેમણે આખું જીવન આપણે અડીખમ ઉભા રહી શકીએ એ માટે કરોડ રજ્જૂ વાળી દીધી હોય એવાં માણસ.

એને કઈ સમજણ પડી નહી એટલે એ દરવાજે જઈ રમવા લાગ્યો.

બે ત્રણ દાદા દાદી એને રમતો જોઇ ખુશ થયાં .

કોઈકને પોતાનો દીકરો યાદ આવ્યો હશે તો કોઈને દીકરાનો દીકરો.

એનાં આ સવાલે મને વિચારતી કરી દીધી.કાસ!... દુનિયાના દરેક સંતાન ઘરડા ઘર એટલે શું?.. એ વિશે અજાણ જ રહે તો સારું.

જે માતા પિતા એ એક ટપલી મારતાં પણ સો વાર વિચાર કર્યો હોય,એમને તરછોડી મુક્તા જીવ કેમ ચાલતો હશે? આપણે એ ના ભૂલવું જોઈએ કે આપણને નવ-નવ માસ ઉદરમાં રાખી એમણે કેટલીયે પીડા સહન કરી હશે.

પોતાના સપના, ઈચ્છાઓ અને કેટલીયે સુખદ પરિસ્થિતિનો આપણા ઉછેર માટે ત્યાગ કર્યો છે.

અનેક પ્રકારના દુખ સહન કરી આપણને જન્મ આપી અમુલ્યવાન જીવન જીવવાની સોનેરી તક આપી છે આપણા ઉજ્જ્વળ ભવિષ્ય માટે.

એક્વાર વિચારી જોઈએ કે આપણે આજે જયાં જે લેવલે પહોચ્યા છીએ ,એ કોના કારણે?

છતાં ઓફિસે હોઈએ અને મમ્મી કે પપ્પાનો ફોન આવે તો છણકો કરતા હોઈએ છીએ.અરે એક્વાર વિચારીએ કે આ પોઝિસન પર આપણે છીએ કોના કારણે?

આપણી કારકીર્દીના ઘડતર માટે પોતાનુ બધું જ હોમી દીધુ છે, એના બદલામાં માત્ર થોડી હુંફ અને પ્રેમ ની જરૂર હોય છે. અને આ હુંફ અને પ્રેમ મળે છે માત્ર આપણો થોડો સમય આપવાથી.

તેઓ થોડો જ સમય આપણી સાથે વિતાવવાનું વિચારતા હોય છે, એનાથી વધું કશું જ નહીં.

તો શું આપણે સમય પણ ના આપી શકીએ એ મા બાપ ને જેમણે રાત દિવસ કોઈ સમય જોયો નથી માત્ર આપણા સારા ભવિષ્ય માટે.

દુનિયાના કોઈ માતા પિતા પોતાના માટે નથી જીવતા, તેઓ જીવે છે માત્ર પોતાના સંતાનો માટે.આ સત્ય ત્યારે સમજાયું જ્યારે હું મા બની. જેમના ખભે બેસી આખી દુનિયા જોઈ , જેમણે ફિટ આંગળી પકડી રાખી ,પડવા નથી દીધાં એમને ઘરડા ઘરની આંગળી ચિંધી કેમ શકે? આ પાછળ જવાબદાર કોણ? ... અનેક વિચારો આવવા લાગ્યા.. થોડીવાર પછી ગાડી સરખી થઈ ગઈ પણ પેલો દ્વાર મારા દિલ દિમાગ પર અથડાવા લાગ્યો.

અને અત્યારે પાછો શ્રાધ્ધ મહિનો ચાલુ થયો.

જીવતા જીવત જેમને આપણે જમ્યા? એવો પ્રશ્ન નથી પૂછતા અને મરી ગયા પછી શ્રાધ્ધ પક્ષમાં ખીર પૂરી ધાબે મૂકવાથી શું ફાયદો?

ફરીથી વિચાર આવ્યો જવાબદાર કોણ?

માત્ર પુત્ર નો નહી પુત્રવધુ નો પણ. પાછો વિશ્વ દીકરી દિવસ ઉજવાઈ ગયો હતો એ યાદ આવ્યું. દીકરી પરની અઢળક રચનાઓ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ. હતી એ મેમરી યાદ આવી. કયાંક કોઈએ દીકરીને એવો મેસેજ નહોતો આપ્યો કે દીકરી સાસુ સસરા એટલે તારા સાચા માતાપિતા.

દીકરો ઘણી વાર મજબૂર હૉય છે મા અને પત્નિ વચ્ચે થતાં ઉગ્ર બનાવમાં. પણ આપણા દીકરાને એ શીખવાડવું રહ્યું કે ક્યારે નમવું અને ક્યારે મક્કમ રહેવું.

જો સાચે જ દીકરી એટલે વ્હાલ નો દરિયો તો માત્ર પિયર પૂરતો જ?આ દરિયો સાસરે જઈને ફંગોળાઈ કેમ જતો હશે?

આ વ્હાલનો દરિયો કેમ સાસરી પક્ષને પોતાનામાં સમાવેશ નહિ કરી શકતો હોય. જો એક દીકરી વ્હાલનો દરિયો અને પપ્પાની પરી હોય છે તો દીકરો પણ દરેક મા બાપનો રાજ કુમાર હોય જ છે.

આ રાજકુમાર પોતાનું બધુ એ રાજ કુમારી ને સોપી દે છે તો શા માટે એ કાળજાનો કટકો બીજાના કાળજાના કટકાનો મહેલ વેર વિખેર કરી મુકે છે. દીકરીને શિક્ષિત કરનાર પિતાએ દીકરીને શીખવાડવું જોઈએ કે પરિવાર આપણા જીવનનો સુંદર ભાગ હોય છે.

પણ પરિવાર એટલે શું? માત્ર પિયરીયા જ નહી. સાસરી પક્ષ ને પરીવાર માનતા શીખવાડવું જ રહ્યું. પણ પપ્પાની પરી એવું માને છે કે પરીવાર એટલે એનો પતિ અને એના સંતાનો માત્ર.

સાસુ ,સસરા, નણંદ તો બોજા રૂપ હોય છે.

વૃદ્ધ થતાં મા બાપને આ સમયે આપણી વધુ જરૂર હોય છે.

આખી જીંદગી કમાઈને બધું આપ્યું હવે આરામનો સમય, સંબધ ની સુંદરતા આપવાને બદલે વહુઓ કંકાસ અને કકળાટ આપે છે.

પોતાનાં સાસુ સસરાને ઈગનોર કરી પોતાનાં માતા પિતા સાથે કલાકોના કલાકો વાતો કરનાર એ દરેક વ્હાલના દરિયાને સમજણ આપવી રહી કે પોતાનો ખરો સંસાર ગોસીપ કે વાંધા વચકા કરતાં સમજદારી પૂર્વક સંબંધ બાંધવામાં છે. જો કાળજાનો કટકો કલાકો ના કલાકો સાસરી પક્ષની ખોદણી કરે તો મા- બાપે ચેતી જવું કે પોતાનાં લાડ કોડ ખોટાં ઠર્યા છે. સાચી સમજણ આપવી જરૂરી છે.દીકરીને કહો કે સુખી સંબધ માટે જરૂરી છે કે તમે જે પણ ખોટુ કરો છો તે સ્વીકારી લો, એ ઘરની જવાબદારી, રીત રિવાજ સ્વીકારી લો. હંમેશા બીજાને દોષ આપવો યોગ્ય નથી. પોતાની ભૂલોને સ્વીકારતા શીખો.પતિ બંન્ને બાજુ લાચાર બની જાય છે.અને દીકરીઓએ પણ સાસુ સસરા કોઈ વાત સમજાવે ત્યારે તેને શાંતિથી સમજવાનો પ્રયાસ કરો.

હંમેશા ઉતાવળમાં કોઈ તર્ક આપવો અથવા હતાશા, ઉશ્કેરાટ, અણગમાની પ્રતિક્રિયા આપવાથી જીવનમાં કડવાહટ આવી જાય છે.

સાસુ-સસરા સાથે સારો સંબંધ જાળવવો ઘણું મહત્ત્વનું છે. કારણ કે, જો એ ના હોત તો તમારાં જીવનસાથી હોત ખરાં?માટે તેમનો આભાર માનવો જોઈએ. અત્યારે શ્રાદ્ધ પક્ષમાં ઘણી વહુઓ ખીર પુરી અને વાનગી બનાવશે, પણ જીવતા જીવત સાસુએ કેટલું દૂધ પીધું અને કેટલું ઘી ખાધું એવી ગોસીપ એના પિયરીયા જોડે કરી જ હશે.

ઉંમર થતાં વૃદ્ધ મા બાપ લથડશે જ.. પરતું ટેકો આપી ઊભા કરો, જેમ આપણને ઊભા રહેતાં શીખવ્યા છે. નહી કે ઘરડાં ઘરનો દરવાજો બતાવી વધુ લથડાવી દેવાં. સમય જતાં આપણે પણ વૃદ્ધ થવાના .આપણાં બાળકો ટેકનોલોજી યુગ વાળા છે.મોબાઈલમાં ફરતી એમની આંગળીઓથી એ આખું વિશ્વ જોઈ ચૂક્યા છે.કયાંક એવું ના બને કે મોબાઈલની સ્ક્રીન પર ફરતી એ આંગળીઓ એજ ઘરડાં ઘર તરફ ફરે.

"દયનીય હવાતિયાઓની મંજુષા
પણ વૃદ્ધ થતા જ ખરી પડી હશે
એક કોળિયો પણ દીધું નહીં અન્ન જીવતાં
ને આજે ધાબા પર ચડી કાગ વાસ ચડાવે"

# "વેદોમાં શ્રેષ્ટ ગણાતા સામવેદનો વર્તમાન રબારીઓ સાથેનો નાતો - સરજુ"




લગભગ એંશીના દાયકામાં સૌરષ્ટ્રમાં ધોરાજી નજીક આવેલા એક નાનકડા રેલવે સ્ટેશને રાત્રે નવ વાગ્યાની ટ્રેન આવવાને હજુ અરધો એક કલાકની વાર છે. નાનકડા આ રેલવે સ્ટેશનના અંધકારભર્યા ડામરીયા પ્લેટફોર્મ પર ધીમે ધીમે અનેક પ્રકારના લોકોના જૂથ એકઠા થઈ રહ્યાં છે. એમાં સૌથી મોટુ જૂથ ચોરણી, કેડિયુ અને માથા પર ખાસ અંદાજમાં પહેરેલી ઉનની વાંદરા ટોપી એ એમનો સાજ શણગાર છે. હાથમાં ચાંદીના જાડા કડા, કાનમાં સોનાના આભુષણો છે. આ જુથ છે મૂળ તો બરડા ડૂંગરના વતની અને નાના શહેરો, ગામોમાં આવીને વસેલા રબારીઓનું. ધોરાજીમાં આવેલી એક દરગાહ પર દર વર્ષે યોજાતા પાંચ દિવસના ઉર્સના મેળામાં સૌરાષ્ટ્રના લોકો ધર્મ-ભેદ વગર મોટી સંખ્યામાં જાય છે. આ ઉર્સની ખાસીયત એ હતી કે ઉર્સનો આ મેળો રાત્રે જ જામે.

આ રબારીઓના જુથમાં મોટા ડંગોરા તો હોય જ. આ ટોળું કલબલ કરી રહ્યુ હતું એટલામાં એક સફેદ વાળ અને પુળો પુળો મુછો વાળા રબારી વડીલ આવ્યા. એમના કોઈ સંકેતથી આ બધા રબારીઓ ઉભડક બેસી ગયા અને બે પગ વચ્ચે લાકડીના ટેકે ભુવા આતાની સાથે સાથે કોઈ અજબ ગાન છેડ્યું . . . અંધારી રાતે આ સમુહગાનનો ધ્વની ઘુમરાતો ઘુમરાતો એટલો પ્રબળ બન્યો કે રેલવે સ્ટેશનની આસપાસની સોસાયટીઓ સુધી પહોંચ્યો. આ ગાનમાં ગુજરાતી કે દેવનાગરી લીપીનો એક પણ શબ્દ નહોતો! માત્ર હ્મ્મ્મ્મ અને હુમ્મ્મ્મ અને ઓઓઓઓઓ આઆઆઆઆ . . . જેવા લયબદ્ધ ધ્વનીઓ હતાં. રબારીઓના આ ગાનને બાળપણમાં પ્રથમ વાર સાંભળ્યું ત્યારે એવું અનુભુત થયેલું કે જાણે કોઈ દૈવી મંત્રોચ્ચાર ચાલી રહ્યા છે અને સમગ્ર વાતાવરણમાં કોઈ રહસ્યમય શક્તિનો સંચાર થઈ રહ્યો છે.

બારીઓ દ્વારા માતાજીના માન-સન્માનમાં કરવામાં આવતા વિવિધ ધાર્મિક પ્રસંગો સમયે થતા આ લયબધ્ધ ગાનને 'સરજુ' કહેવામાં આવે છે. રબારીઓના સામાજિક અને ધાર્મિક પ્રસંગોએ આવા પ્રકારે જે ગાન કરવાની અનોખી પરંપરા છે તે પણ સમજવા જેવી છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ, જામગર, ઉપલેટા, ધોરાજી તરફના રાજકોટ જીલ્લાના રબારીઓના લગ્ન પ્રસંગે થતા સમુહગાનને 'સીયો' કહે છે. મોમાઈ માતાના આ ભક્તો પોતાની આ આરાધ્ય દેવીના કોઈ પણ ધાર્મિક પ્રસંગે જે ગાન કરે તેને 'કડવા' કહે છે. સૌરાષ્ટ્રના નોખા તરી આવતા આ રબારી સમાજના વિવિધ આરાધન ગાનમાં તેમને મન સરજુનું મહત્વ અને તેનું સ્થાન શિર્ષસ્થ છે.

મુખ્યત્વે પશુપાલક આ જાતિ સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં વ્યાપ્ત છે. પાશ્ચાત્ય ફીલ્મોના હિરો-હિરોઈનને પણ ટક્કર મારે એવા સોહામણા નર નારીઓ તમને આ સમાજમાં જોવા મળશે. રબારીઓના શારીરિક દેખાવ અને તેમની અનોખી જીવનશૈલી અને તેમનામાં પ્રવર્તતી સરનેમ પરથી રબારી લોકોના મૂળ અંગે મતમતાંતરો છે. એક મત એવું કહે છે કે રબારીઓ ભારત પર ચડી આવેલા રોમન આક્રાંતાઓમાંથી જેઓએ ભારતભૂમિ પર પોતનો વસવાટ કરવાનુંપસંદ કરેલુંએમના વારસો છે. સૌરાષ્ટ્ર પંથકના આ રબારીઓની ખુદની માન્યતા એવી છે કે તેઓ હજારો વર્ષો પૂર્વે બ્રાહ્મણ હતાં, અને એ માટે તેમની પાસે પોતાના તર્કો અને ઉક્તિઓ પણ છે. આ રબારીઓમાં એક-બે સરનેમ એટલે કે શાખ એવી છે જે કંઈ અલગ નિર્દેશ આપે છે. આજે પણ રબારીઓમાં હૂણ સરનેમ જોવા મળે છે. મધ્ય એશિયામાંથી ભારત પર ખૈબર ઘાટ પરથી શક અને હૂણ સમુદાયના આક્રમક સમુદાયો ભારતમાં આક્રમણ કરવા અવેલા અને ત્યારના રાજાઓ સામે હાર થઈ, પરંતુ તેઓ આ ભૂમિ પર વસી ગયેલા. ભારતમાં રબારીઓ માત્ર રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાત જેવા પશ્ચિમી રાજ્યોમાં જ જોવા મળશે

સરજુ એટલે શું ? પશ્ચિમ સૌરાષ્ટ્રના મૂંગી માતાના ઉપાસક રબારી લોકોનું સામવેદના પ્રકારનું લાગતું મૂક ગાન, રબારીઓની માતાના છંદ. સરજ એ સામવેદ નું શાબ્દિક અને માર્મિક ભાષાનું ગૂંથન કરવામાં આવેલું ગાન છે, જે અર્થપૂર્ણ અને બીજમંત્ર (,હીં, હૂઁ, હૉ) ના આરોહ અવરોહ ના તાલ સાથે સમૂહમાં ગાવામાં આવે છે. સામવેદ એ વેદો માં ત્રીજા સ્થાન પર આવે છે. સામ શબ્દનો અર્થ જ "ગાન" થાય છે. આ બાબતે રબારી સમાજના યુવા પ્રતિનિધિ અને જાણકાર શ્રી ભોજાભાઈ ભાંગરા પાસેથી ઉપરોક્ત માહિતી મળી હતી. પરંતુ સૌને સમજાય એવા શબ્દોમાં કહું તો સામવેદ ભારતીય સંગીતની જનની કહેવાય છે. અને રબારીઓ સામવેદના ઉપસકો છે. સામવેદની સંસ્કૃત રૂચાઓનું ગાન કરતા કરતાં જે લયમાં ગાન થતું એ લય અને ધ્વનિ રહી ગયો પરંતુ પેઢી-દર-પેઢી આ સરજુ ગાનમાંથી શબ્દોનો લોપ થયો. આમ એક રીતે કહીએ તો રબારીઓની અનેક પેઢીઓએ સરજુના માધ્યમથી વૈદિક સંસ્કૃતિ અને વૈદિક જ્ઞાનને ધ્વનિ અથવા બ્રહ્મના મૂળ અવાજ એવા 'શબ્દ'ને જીવતો રાખ્યો છે.

ભોજાભાઈના કહેવા મુજબ આધુનિક થતા જતાં રબારી સમાજમાં સરજુ ગાઈ શકતા વર્ગની સંખ્યામાં લગભગ પચાસ ટકા જેટલો ઘટાડો થયો છે. એનું કારણ માત્ર આધુનિકતા પણ નથી. 'સરજુ'ને રબારી લોકોએ પોતાની પરંપરા તરીકે અત્યંત ગોપનીય રાખી છે. ભુલેચુકે પણ જો કોઈ સરજુ અંગે જીજ્ઞાસા વશ પુછપરછ કરે તો તેને એ લોકો સહેજ અમથી સમજણ આપીને વાત ટાળી જતા હોય છે. આમ સરજુ એક એવી પરંપરા બની રહી છે કે જે ક્યાંય ડોક્યુમેન્ટ થઈ નથી એ માત્ર રબારીઓ પોતાની આગળની પેઢીને પરંપરા તરીકે શીખવાડી જાય છે. સરાજુગાન સાંભળવા માટે ફેસબુક પર http://www.facebook.com/vu3djt

**હેન્ડબ્રેક :**

"પરંપરાઓ ઠંડી પડી ગયેલી રાખનું પૂજન માત્ર નથી,
પરંતુ આદિ યજ્ઞોની પવિત્ર જ્વાળાઓની સાચવણી છે."

**- ગુસ્તાવ મહલેર**

- djtrivedi@gmail.com